


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



**Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.**

**Email : reveskant1964@gmail.com** **Pastor : Rev. Dr. Emanuel S. Kant**

**Visit us at : www.shahpurmethodistchurch.com** **Ph. : 079-25503545 (M) 8780130474**



**વર્ષ - ૫૪** **એપ્રિલ - ૨૦૨૫** **પત્ર - ૧૪૦**


મંડળીનાં વ્હાલા સર્વ ભાઈ-બહેનો,

આ માસમાં લેન્ટ સીઝન પૂરી થઈ દુઃખ સહન સપ્તાહ અને ખજૂરીનો રવિવાર, ભલો શુક્રવાર, ઈસ્ટર આવશે. પ્રતિવર્ષ આ પ્રમાણે હોય છે. રાત્રિ સભાઓમાં વચનો દ્વારા ઘણી બધી બાબતો આપણને પ્રાપ્ત થાય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર બલિદાન આપ્યું, રક્ત વહેવડાવ્યું, કષ્ટ વેઠ્યું આ જાણીએ.

ભજનસંગ્રહમાં ગીત નં. ૧૧૧ 'કાંટાનો મુગટ માથે, ભાલે વિંધાયો ત્રાતા; જિગર જખમ થઈ ઝૂરે, ધન્ય ઓ જીવન દાતા. વા'લો વધસ્તંભ વ્યોમે, મનહર મધૂરો લાગે; વે છે રૂધિરની ધારા, રડતા બળું હું આગે.'

રોમન સરકારનાં સમયમાં વધસ્તંભ પર મારી નાંખવાની શિક્ષા અતિક્રૂર ને ખતરનાક, કષ્ટદાયક અતિ વેદના પછી મરણ થતું, આ શિક્ષાથી અતિ કષ્ટદાયક મરણ થતું. રિબાઈ, રિબાઈને માણસ પ્રાણ છોડતો. આપણે આજે જ્યારે વધસ્તંભની વાત કરીએ છીએ ત્યારે આપણને વધસ્તંભને સરળ, સહજ, સામાન્ય ગણીએ છીએ. વધસ્તંભ પર ખ્રિસ્તનું લોહી વહેવડાવવામાં આવ્યું એ વધસ્તંભને આપણે પ્રતિકાત્મક રીતે ઉપયોગ કરીએ છીએ, ખ્રિસ્તી વ્યક્તિ છીએ તે બતાવવા સંજ્ઞા તરીકે ઉપયોગ કરીએ છીએ. આપણાં શરીર પર ટેટું બનાવીએ, ઘરમાં, આભૂષણોને ઘણી બધી બાબતોમાં વધસ્તંભની સંજ્ઞાનો રોજ-બરોજનાં જીવનમાં પ્રભુ મંદિરમાં વધસ્તંભને સંજ્ઞા તરીકે વાપરીએ છીએ. આમ કરીને વધસ્તંભની વાતોને સામાન્ય સંજ્ઞા તરીકે વાપરીએ છીએ. આમ કરીને વધસ્તંભની વાતોને સામાન્ય રીતે હલકામાં ગણી કાઢીએ છીએ. કરિંથીઓને ૧ લો પત્ર ૧:૧૮ 'કેમ કે નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે, પણ અમો તારણ પામનારાઓને તો તે દેવનું સામર્થ્ય છે.' માટે આપણે આપણો દ્રષ્ટિકોણ, વિચારધારા બદલવાની જરૂર છે. વધસ્તંભ તરફ એક નવી નજરથી જોવાની જરૂર છે. વધસ્તંભને અંગ્રેજીમાં ક્રોસ Cross કહેવામાં આવે છે.

૧. C-CURE : વધસ્તંભ તે આપણને સાજાપણું આપે છે. આપણાં જીવંત ઈશ્વર દ્વારા આપણને સાજાપણું પ્રાપ્ત થાય છે. આપણે તો મોટાભાગે શારીરિક સાજાપણાને માટે વિચારીએ છીએ તે તો છે જ, પરંતુ આપણે પાપી છીએ, આત્મિક રીતે મરણ પામેલા છીએ, મરણની નિશ્ચિતતાનો ઈલાજ અહીંયા છે, ખ્રિસ્તે વહેવડાવેલા રક્તમાં પાપની માફી છે. તે અનંતજીવન આપે છે તે યહોવા રાફા સાજાપણું આપનાર છે. શારીરિક અને આત્મિક.

૨. R-REDUMPTION : છૂટકારો પાપમાંથી મુક્તિ. ગીતશાસ્ત્ર ૧૩૦:૭ 'તેની પાસે અખૂટ ઉદ્ધાર છે, તે ખરેખર આપણાં ઉદ્ધારકર્તા છે. આ પાપી જગતનાં નાશકારક માર્ગમાંથી આપણને પાછા લાવવા તે સક્ષમ છે; કેવળ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણાં પાપ માફ કરે છે.' એફેસીઓને પત્ર ૧:૭ 'એનામાં એનાં લોહી દ્વારા, તેની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળેલ છે, પાપમય જગતમાંથી તે આપણને બચાવે છે.' અનંતજીવનનું ભરપૂરીપણું આપે છે.

૩. O-ONENESS : તે માણસજગત પરનાં પ્રેમને કારણે વધસ્તંભ પરનું શર્મજનક મરણ સ્વીકારે છે. હેતુ માણસજાત તથા ઈશ્વરની વચ્ચે તે મધ્યસ્થ બની ઐક્યતા કરાવે છે. તે માણસોનું ઈશ્વરની સાથે પાપની માફી આપીને સમાધાન કરાવે છે. આ વધસ્તંભનો અનન્ય આશીર્વાદ છે. તે દ્વારા આત્મિક ઐક્યતા સ્થાપિત કરાવે છે. તે આપણી સાથે ઈશ્વરનું સમાધાન કરવા કડીરૂપ બને છે. ખ્રિસ્તમાં જગતભરનાં લોકો એક છે. ઈશ્વરનો પ્રેમ સર્વ લોકો માટે સરખો છે.

૪. S-SALVATION : મુક્તિ ઉદ્ધારની ખાત્રી. માથ્થી ૧:૨૧ પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે જણાવવામાં આવ્યું કે જે પોતાના લોકોને પાપથી તારશે, તે એજ છે. આ જગત પર મનુષ્ય દેહે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આવ્યા તે પાછળનો હેતુ શો હતો ? ખોવાયેલા, શોધવા તથા તારવા સારું માણસનો દીકરો આવ્યો. આજદિન સુધી ખ્રિસ્તનું કાર્ય આજ છે. વધસ્તંભની આજુબાજુમાં બે ચોરને પણ લટકાવવામાં આવેલા, એક ચોરે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. તેનો ઉદ્ધાર થયો. ૧ લો યોહાન ૨:૨ 'તે આપણાં પાપનું પ્રાયશ્ચિત છે અને કેવળ આપણાં જ નહિ આખા જગતનાં પાપનું તે પ્રાયશ્ચિત છે. પાપની માફી ફક્ત પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ આપે છે, તેમની પાસે આવીએ.'

૫. S-SELF EXAMPLE LIFE : પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતે નમૂનો આપ્યો. ૧ લો પિતર ૨:૧ 'કેમ કે ખ્રિસ્તે પણ તમારા માટે સહન કર્યું અને તમે તેમને પગલે ચાલો, માટે તેણે તમને નમૂનો આપ્યો છે.' એ સાથે ૧ લો પિત્તર ૨:૨૪ વાંચો. 'સાજાપણું, પાપની માફી, નાશનાં માર્ગેથી કેવળ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા પર પ્રેમ કરી બચાવે છે. આપણે ગીતમાં ગાઈએ છે, 'નમૂનો તેં આપ્યો ભારે કષ્ઠ વેઠી' તેઓ ઉદ્ધારને માટે ઉત્તમ ઉમદા ઉદાહરણરૂપ જીવન જીવ્યા. વધસ્તંભનાં ઉપરોક્ત ૫ આશીર્વાદોને જાણીએ, માનીએ, સ્વીકારીએ.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાપની માફી આપનાર આપણાં હૃદયોને બદલનાર, નવું જીવન આપનાર છે. જેમણે પોતાના મૂલ્યવાન રક્ત આપણે સારું વહેવડાવ્યું, તેમના પર વિશ્વાસ કરીએ. વધસ્તંભને સામાન્ય ન ગણીએ, તેનાં આશીર્વાદો આપણાં જીવનમાં પ્રાપ્ત કરીએ. વધસ્તંભ પ્રત્યે આપણે દ્રષ્ટિકોણ બદલીએ.

કાલવરી, કૃત મુજ કાળાં ! થંભે જડું હું આજે, થંભેથી હું પોકારું; 'સંભારજે તુજ રાજે.' (ભજનસંગ્રહ ગીત ૧૧૧ - ૫ મો શ્લોક )

**આપ સર્વને ઈસ્ટરની પ્રેમી સલામ.**

પાળક

**રેવ. ડૉ. ઈમાનુએલ એસ. કાન્ત**


**આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી બેન દાતા તરફથી મળેલ છે.**

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : ફેબ્રુઆરી

- તા. ૨, ભજનસેવામાં એન.સી.સી.આઈ.નાં શ્રીમતી નિલમબેન ગામડીયા પ્રભુનું વચન લાવ્યાં. પાળકે ભજનસેવામાં આગેવાની આપી. પ્રભુભોજનની સંગતમાં જોડાયાં.
- તા. ૯, લેન્ટનો પ્રથમ રવિવાર, રાજેશ ક્રિશ્ચિયન (સેન્ડ ધી લાઈટ સ્લમ મિનિસ્ટ્રી) પ્રભુનું વચન લાવ્યા. ભજનસેવામાં આગેવાની આપી. સન્ડેસ્કૂલ દ્વારા ૨૦૨૪ ડિસેમ્બરનાં પરિણામ બાદ ઈનામો આપવામાં આવ્યા. પાળક વચનની સેવા માટે કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચમાં ગયેલ.
- તા. ૧૬, લેન્ટનો રજો રવિવાર ભજનસેવામાં પાળકે આગેવાની આપી. પાળક રેવ. બી. બી. ક્રિશ્ચિયન પ્રભુનું વચન લાવ્યા. તેમનાં દ્વારા લખાયેલ પુસ્તક - બાઈબલનાં સ્ત્રી પાત્રો ભાગ-૬ ત્રિએક ઈશ્વરપિતાનાં નામે રેવ. ઈ. એસ. કાન્ત દ્વારા કરવામાં આવેલ. રેવ. બી. બી. ક્રિશ્ચિયન સાહેબ પરિવાર સહ હાજર રહેલ.
- તા. ૨૩, લેન્ટનો ત્રીજો રવિવાર. ભજનસેવામાં પાળક પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૩૦, લેન્ટનો ચોથો રવિવાર. હોમ મિશન સન્ડે ઉજવવામાં આવેલ. રેવ. ડૉ. યાકુબ એલ. મેકવાન પ્રભુનું વચન લાવ્યા. હોમમિશન અંગે સમજ આપી. શ્રીમતી સુહર્ષાબેન હાજર રહેલ. મંડળી તરફથી ૨૦૨૫-૨૦૨૬નું હોમ મિશન ૪,૪૧,૦૦૦/-નો એડવાન્સમાં ચેક આપવામાં આવેલ.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | એનોન લિનીયસ પેલ્મોર | બર્થડે | ૫૦૦ |
| ૨. | ઉષા ઈમાનુએલ કાન્ત | પુ.ફંડ | ૧૦૦ |
| ૩. | મોનિકા સેમ્યુલ ડેવિડ | બર્થડે | ૫૦૦ |
| ૪. | ઉર્વિ નિર્મલ ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૫. | સુનિલ મેકવાન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૬. | વિક્ટર વી. મેકવાન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૭. | જીમ્મી સેમ્યુલ ડેવિડ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૮. | પ્રતિમાબેન આલાપ માસ્ટર | પુ.ફંડ | ૧૦૦૦ |
| ૯. | ટ્વીંકલ વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦ |
| ૧૦. | ક્રિસ્ટીના ફ્રાન્સીસ ગોહેલ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૧. | મેરેલીન નિલય ચૌહાણ | બર્થડે | ૧૦૦૦ |
| ૧૨. | કલ્પનાબેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦ |
| ૧૩. | શ્રી સિલાસભાઈ ચૌહાણ | બર્થડે | ૧૦૦૦ |
| ૧૪. | આલાપ જે. માસ્ટર | બર્થડે | ૧૦૦૦ |
| ૧૫. | જોય જ્હોન મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | ડૉ. જીની જ્હોન મેકવાન | બર્થડે | ૫૦૦ |

## BIRTHDATE IN APRIL

૧/૪ લીલાબેન જે. ક્રિશ્ચિયન
૩/૪ સામી આલ્ફ્રેડ ગામડીઆ
૫/૪ સિન્ડ્રેલા સુભાષ હિવાળે
૬/૪ સુધાબેન એચ. કુંજરાવીયા (USA)
૭/૪ રોઝમેરી એ. પેલમોર
૯/૪ શાલીન એસ. માસ્ટર
૧૨/૪ સોલોમનભાઈ ટી. રૂબી
૧૬/૪ રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન
૧૬/૪ સેલીના એફ. ગોહિલ
૧૬/૪ સેનીટા પી. ક્રિશ્ચિયન
૧૬/૪ લક્ષ્મીબહેન એફ. રાઠોડ
૧૯/૪ હર્ષદરાય એ. કુંજરાવીયા (USA)
૨૦/૪ ડેઝીલ ડી. હેરી
૨૪/૪ ઈવેન્જલીના આઈ. ખ્રિસ્તી
૨૫/૪ સલોની એન. મહીડા
૨૫/૪ પારૂલ ઓ. ગામડીઆ
૨૬/૪ નિયંતા કે. ક્રિશ્ચિયન (USA)
૨૭/૪ કોમલ પી. ખ્રિસ્તી
૨૮/૪ પ્રીમા એસ. માસ્ટર
૩૦/૪ રશ્મીકાંત પી. મહિડા
૩૦/૪ દિપાલી પી. પરીખ




## આવનાર માસનાં કાર્ય તરફ દષ્ટિપાત ફેબ્રુઆરી

- તા. ૬, લેન્ટનો પાંચમો રવિવાર. મેજની સંગતમાં જોડાઈશું. રાયખઢ ચર્ચ પ્રોજેક્ટ માટે દાન લેવામાં આવશે. ત્યાંના સ્થાનિક આગેવાનો હાજર રહેશે.
- તા. ૧૩, વિજયવંત પ્રવેશ પામ સન્ડે.
- તા. ૧૮, ભલો શુક્રવાર. ભજનસેવા, મેજની સંગતમાં જોડાઈશું, પ્રભુનું વચન ડૉ. રાજાદુરાઈ પ્રભુ લાવશે.
- તા. ૨૦, ઈસ્ટર સન્ડે, ભજનસેવા
- તા. ૨૭, ભજનસેવા

## દુઃખસહન સપ્તાહની સભાઓ

તા. ૧૩ એપ્રિલ થી ૨૦ એપ્રિલ સુધી દરરોજ રાત્રિ સભાઓ દરરોજ રાત્રે ૭:૩૦ કલાકે દુઃખ સહન સપ્તાહ દરમિયાન અમદાવાદ પાળક મંડળ દ્વારા કરેલ છે. આપણાં રાયખડ વિસ્તારના પાળક મંડળમાં ડૉ. રાજા દુરાઈ પ્રભુ વચન લાવશે. સ્થળ : આઈ.પી.મિશન કંપાઉન્ડ, રાયખડ

## આત્મિક જાગૃતિની સભાઓ

| | |
|---|---|
| તા. ૬-૩-૨૫, ગુરુવાર | ડેની હેરી - સ્થળ : મણીનગર |
| તા. ૭-૩-૨૫, શુક્રવાર | કલ્પનાબેન ક્રિસ્ટી - સ્થળ : શાહીબાગ |
| તા. ૧૫-૩-૨૫, શનિવાર | એન્થનીભાઈ ક્રિશ્ચિયન<br>સ્થળ : ખાનપુર |

જે સ્થળોમાં આયોજન કરેલ તે મુજબ સુંદર વ્યવસ્થા દરેક સભાના સ્થળે જે તે પરિવાર દ્વારા કરેલ સર્વનો આભાર. આપના આત્મિક જાગૃતિનાં દાનો આપના કારભારીને મંડળીનાં તમામ કુટુંબો દ્વારા આપશો.

## ડિસ્ટ્રીક્ટ દ્વારા આયોજીત સભાઓ

પૈકી એક તા. ૨૮-૩ નાં શુક્રવારે આપણાં ચર્ચમાં રાખેલ. વિંગ કમાન્ડર શ્રી જુલિયસ જી. ક્રિશ્ચિયન પ્રભુનું વચન લાવ્યા. ડિ.સુ. રેવ. જશવંત મેકવાન ઉપસ્થિત રહેલ તથા ડિસ્ટ્રીક્ટના આગેવાનો અને અન્ય મંડળીના હાજર રહેલ.

## નાણાંકીય અહેવાલ જાન્યુઆરી - ૨૦૨૫

| | | |
|---|---|---|
| તા. ૧-૨-૨૫ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧૦૦૧૨.૦૦ |
| | બેંક | ૭૦૮૬૯૦.૫૯ |
| તા. ૨૮-૨-૨૫ સુધીની | આવક | ૧૧૩૦૪૬.૦૦ |
| | કુલ | ૮૩૧૭૪૮.૫૯ |
| તા. ૨૮-૨-૨૫ની બંધ સિલક | | |
| | રોકડ | ૫૭૦૦.૦૦ |
| | બેંક | ૬૭૨૬૫૪.૫૯ |
| તા. ૨૮-૨-૨૫ સુધીનો | ખર્ચ | ૧૫૩૩૯૪.૦૦ |
| | કુલ | ૮૩૧૭૪૮.૫૯ |

શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર

